# સોનુ સૂદે નાના વેપારીઓને ટેકો આપવા ભારતનું પ્રથમ ગ્રામીણ બીરબી ટ્રાવેલ ટેક પ્લેટફોર્મ ટ્રાવેલ યુનિયન શરૂ કય

ભારતનું પ્રથમ ગ્રામીણ બીરબી ટ્રાવેલ ટેક પ્લેટફોર્મ ટ્રાવેલ યુનિયન આજે શરૂ થયું હતું. સોનુ સૂદની પહેલ ટ્રાવેલ યુનિયન દરેક જિલ્લા, તાલુકા અને ગ્રામપંચાયત સ્તરે ગ્રામીણ ગ્રાહકોની પ્રવાસની જરૂરિયાત પૂર્ણ કરવા ટ્રાવેલ યુનિયનના સભ્યો (ટ્રાવેલ એજન્ટો)ને પ્લેટફોર્મ પ્રદાન કરીને પ્રવાસ સાથે સંબંધિત સેવાઓ સર્વસુલભ કરશે. ઝીરો રોકાણ સાથે ગ્રામીણ ભારતમાં ટ્રાવેલ એજન્ટ બિઝનેસ સમુદાય ઊભો કરવા,

Travel Union
Khulenge naye raaste ...

એમને જરૂરી ટેકો આપવા અને ડિજિટલ રીતે તેમને સક્ષમ બનાવવાના મિશન સાથે ટ્રાવેલ યુનિયનનો ઉદ્દેશ ભારતની ૧ અબજ વસતિને સૌથી મોટું ગ્રામીણ ડિજિટલ ટ્રાવેલ સર્વિસીસ પ્લેટફોર્મ બનવાનો છે. ગ્રામીણ સ્તરે પ્રવાસ ક્ષેત્ર મોટા ભાગે અસંગઠિત છે, જેમાં ટિઅર ૨ નગરો અને ગામડાઓની જરૂરિયાતો પૂર્ણ કરવા કોઈ કંપની કાર્યરત નથી. ટ્રાવેલ યુનિયન ટ્રાવેલ યુનિયનના સભ્યો એટલે કે ગ્રામીણ ટ્રાવેલ એજન્ટો, નાનાં વેપારીઓ અને ઉદ્યોગોની પૂરી ન થયેલી વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરશે. આ પ્લેટફોર્મની ડિઝાઈનનું હાર્દ ગ્રામીણ વિસ્તારમાં પ્રવાસની જરૂરિયાતો પૂર્ણ કરવાનો છે, જયાં ટ્રાવેલ-ટેક પ્લેટફોર્મનો અભાવ છે.